ઇ-મેઇલ મેસેજ

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૪૪/૨૦૨૫ તા.૦૩/૦૨/૨૦૨૫
**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૭/૦૧/૨૦૨૫ થી તા.૦૨/૦૨/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**
<u>કમલાબાગ પો.સ્ટે.</u>ः-

તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી કાનમિયા તથા સી ટીમના સભ્ય વુમન પો.કોન્સ. દક્ષાબેન પરબતભાઇ તથા મહીલા હેલ્પ ડેસ્કના ઇન્ચાર્જ હેતલબેન તથા તેજલબેનનાઓ સાથે મળી સંકલીત બાળ વિકાસ વિભાગ પોરબંદરની આશરે ૬૦ જેટલી મહિલા તેમજ કિશોરી ઓને કમલાબાગ પોલીસ ખાતે એવરનેસ કાર્યક્રમ કરેલ. જેમાં મહિલા સલામતી ઘરેલું હિંસા સાયબર ક્રાઇમ બાબતે જાગૃતિ આપી તેમજ જરૂર પડે ત્યારે 181, તથા 100 તેમજ મહિલા હેલ્પ ડેસ્કનો ઉપયોગ કરવો જોઇએ તેવી માહિતી આપેલ.

<u>મહીલા પો.સ્ટે.</u>ः-

(૧) તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ તથા 181 ના કાઉન્સિલર મીરાબેન માવદીયા તથા લોકરક્ષક કિરણબેન તથા મહિલા બાળ કચેરીના સંધ્યાબેન જોશી તથા દિલીપભાઈ અને તેઓની કચેરીના સ્ટાફ તથા સખી વન સ્ટોપ સેન્ટરના રાજીબેન સોલંકી PBSC ના કાઉન્સિલર હેતલબેન સાથે સંકલનમાં રહીને બોખીરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ વિશે માહિતી આપેલ. તેમજ સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 સાયબર ક્રાઇમ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ તેમજ મહિલા બાળ કચેરી તરફથી વિદ્યાર્થી બાળાઓને મેસ્યુલ હાઇ જીન કીટ બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને વેચવામાં આવેલ.

(૨) તા.૦૨/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પો.સ્ટે. ના પી.એસ.આઇ. કે.એમ.સૈયદ તથા પી.એસ.આઇ એ.સી.નિમાવત તથા 181 સ્ટાફ તથા DHEW સંધ્યાબેન જોશી તથા શ્રી સાઇનાથ ચેરીટેબલ ટ્રસ્ટના નિમિષાબેન જોશી તથા ગર્લ્સ એજ્યુકેશન જિલ્લા કોઓર્ડીનેટર વૈશાલીબેન પટેલ તેમજ કે.જી.વી.બી.ના વોર્ડના મંજુબેન કુછડીયા તથા તેમના સ્ટાફ સાથે સંકલનમાં રહીને જી.વી.બી. કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી છાત્રાલયની બહેનોને મહિલા જાગૃતિ વિશે સેલ્ફ ડિફેન્સ વિશે માહિતી આપેલ. તેમજ વિદ્યાર્થીઓને વધારે સક્ષમ અને વધારે એજ્યુકેટડ થવા માટેની સૂચના આપી. જેથી તેઓ આગળ જતા ભવિષ્યમાં પોતાના બાળકોને પણ સક્ષમ બનાવી શકે. વિદ્યાર્થીઓ વધારે ભણીને સોસાયટીમાં પોતાનું સારું સ્થાન મેળવે. જેથી તેઓ કોઈના ડર વગર સારી રીતે જીવી શકે તે માટે પણ સલાહ આપી મંડેર ગામની શાળામાં બનેલ બનાવ જેમાં વિદ્યાર્થી ઉપર શિક્ષકે કરેલ દુષ્કર્મ વિશેની માહિતી વિદ્યાર્થીની બહેનોને આપી અને એ વિશે જાગૃત રહેવા માટે સલાહ આપી. જેથી વિદ્યાર્થીઓ વધારે જાગૃત બનીને પોતાનો બચાવ કરી શકે અને વધારે સતર્ક રહી શકે તેમજ પોકસો એકટ કાયદા વિશે જરૂરી માહિતી આપેલ. 100 નંબર પોલીસ મદદ મેળવવા માટે તેમજ 1930 નંબર સાયબર ક્રાઇમ વિશે તથા 181મહિલા હેલ્પલાઇન વિશે જાણકારી આપેલ. તેમજ મુશ્કેલીના સમયે મહિલા પોલીસ સ્ટેશનની નિઃસંકોચ પણે સંપર્ક કરવા માહિતી આપેલ તેમજ કુમારી નિપુર નિલેશભાઈ થાનકી જન્મદિવસ નિમિત્તે દાતા તરીકે વિદ્યાર્થીની બહેનોને સ્કૂલ બેગ ભેટમાં આપવામાં આવે છે

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**
<u>મહીલા પો.સ્ટે.</u>

(૧) તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા એમ.જી.રોડ પેટ્રોલિંગ દરમ્યાન ભાઈઓને ટ્રાફિક અવેરનેશની માહિતી આપેલ. જેમા નવા ટ્રાફિક નિયમો શું છે .સગીરવયના બાળકોને વાહન ચલાવા આપવુ નહિ જો સગીરવયના બાળકો વાહન ચલાવતા લાઈસન્સ વગર પકડાશે તો તેમના વાલી સામે કાયદેસરની કાર્યવાહી થશે તેના વિશે માહિતી આપેલ. જેમા વાહન ચલાવતી વખતે વાહનને લગત તમામ દસ્તાવજો જેવા કે લાઇસન્સ, પીયુસી, વીમો, આર.ટી.ઓને લગતા વાહનના જરૂરી ડોકયુમેન્ટો સાથે રાખવા. તેમજ કોઇ પણ વાહન નશો કરી ચલાવવુ નહિ તથા રોંગસાઇડ વાહન ચલાવવુ નહિ અને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ક્યારેય કરવો નહિ તેમજ ૧૦૦ નંબર અને ૧૦૧ ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ, ૧૦૯૫ ટ્રાફિક હેલ્પલાઈન નંબરો વિશે માહિતગાર કરેલ.

(૨) તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ કે.એમ.સૈયદ દ્વારા હનુમાન ગુફા રોડ પર પેટ્રોલિંગ દરમ્યાન પેટ્રોલપંપ પર પેટ્રોલ લેવા આવેલ ભાઇઓને ટ્રાફિક અવેરનેશની માહિતી આપેલ. જેમા નવા ટ્રાફિક નિયમો શું છે તેમજ સગીરવયના બાળકોને વાહન ચલાવા આપવુ નહિ. જો સગીરવયના બાળકો વાહન ચલાવતા લાઇસન્સ વગર પકડાશે તો તેમના વાલી સામે કાયદેસરની કાર્યવાહી થશે તેના વિશે માહિતી આપેલ તેમજ વાહન ચલાવતી વખતે વાહનને લગત તમામ દસ્તાવજો જેવા કે લાઇસન્સ, પીયુસી, વીમો, આરટીઓને લગતા વાહનના જરૂરી ડોકયુમેન્ટો સાથે રાખવા. તેમજ કોઇ પણ વાહન નશો કરી ચલાવવુ નહિ તથા રોંગસાઇડ વાહન ચલાવવુ નહિ અને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ક્યારેય કરવો નહિ. ટુવ્હીલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા સુચના કરેલ. તેમજ ૧૦૦ નંબર અને ૧૦૧ ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ, ૧૦૯૫ ટ્રાફિક હેલ્પ લાઈન તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન

નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપેલ તેમજ ડિજિટલ એરેસ્ટ બાબતે વિડીયોકોલ આવે તે ફ્રોડ હોય છે તેનાથી બચવા સાવધાન રહેવા સુચના કરેલ. પોલીસ ક્યારે કોઇને ડિજિટલ એરેસ્ટ કરતી નથી. સાયબર ફ્રોડ કરનારા વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

<u>મહીલા પો.સ્ટે.</u>

(૧) તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન શી ટીમના કર્મચારીઓ દ્વારા સુદામા મંદિરમાં આવેલ બહેનોને મહિલા સુરક્ષા તથા મહિલા હેલ્પ લાઇન ૧૮૧ તથા ડાયલ ૧૦૦ નંબર વિષે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

(૨) તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન શી ટીમના કર્મચારીઓ દ્વારા સ્કુલ/કોલેજ/વાડીપ્લોટ/ ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને મહીલા હેલ્પ લાઇન નં.૧૮૧ બાબતે માહિતી આપી.

(૩) તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના કર્મચારીઓ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર/ ચોપાટી /શાક્માર્કેટ /ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમની કામગીરી વિષે માહીતગાર કરેલ છે.

(૪) તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના કર્મચારીઓ દ્વારા સિનિયર સિટીઝનની મુલાકાત લીધેલ અને વૃધ્ધાવસ્થામાં દીકરા અને વહુવારુ સારી રીતે સાચવે છે ને જે બાબતે હાલ ચાલ પુછી અને કોઇ પણ જાતની તકલીફ હોય તો અમો પોલીસને જાણ કરવા માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલરૂમને ૧૦૦ ફોન કરી તાત્કાલીક મદદ લઇ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૫) તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના શી ટીમના કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

(૬) તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડ ભાડવાળી જાગ્યાઓએ શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઇ-એફ.આઇ.આર અંગેની માહિતી આપેલ.

(૭) તા.૦૨/૦૨/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

<u>મહીલા પો.સ્ટે.</u>

(૧) તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પી.એસ.આઇ. કે.એમ.સૈયદ દ્વારા સરકારી હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ મહિલાઓને સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ ઘરેલુ હિંસા તેમજ સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ કોઇ પજવણી કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા મહિલાઓને જણાવેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે વિશે માહિતી આપેલ.

(૨) તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પોરબંદરના પી.એસ.આઇ. કે.એમ. સૈયદ દ્વારા સરકારી હોસ્પિટલોમાં દાખલ થયેલ બીમાર દર્દીઓ/સિનિયર સીટીઝનો તેમજ મહિલા વોર્ડમાં બીમાર દાખલ થયેલ મહિલાઓની મુલાકાત લીધેલી સીનીયર સીટીઝનોને પ્રથમ તેમની તબિયત બારામાં પૂછેલ તેમજ તેઓ સાથે હોસ્પિટલમાં તમારા પરિવારજનો દીકરા, વહુ તમારી સારવારમાં મદદ માટે તમારી સાથે આવેલ છે તેમજ તમારી સારવાર સારી રીતે ચાલે છે ને જે બાબતે ખબર પૂછેલ. તેમજ 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન વિષે માહિતગાર કરેલ. તેમજ ઘરેલુ હિંસા તથા સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક ત્રાસ આપવા આવે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા મહિલાઓને જણાવેલ તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે વિશે માહિતી આપેલ.

(૩) તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI કે.એમ.સૈયદ રેલ્વે સ્ટેશન રોડ પેટ્રોલિંગ દરમ્યાન સિનિયર સિટીઝન યાત્રાળુઓની મુલાકાત લીધેલ જેઓને પ્રથમ તો પોરબંદર ખાતે યાત્રા કરવા પધારેલ હોય જેને મીઠા શબ્દોમાં આવકારેલ. બાદ તેઓ પાસે કીમતી ચીજ વસ્તુઓ પેહરેલ દાગીના અને મોબાઇલ સાચવીને રાખવા કોઇ ચીજવસ્તુની ચોરી કે ગુમ થઇ જાય તો 100 નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરી પોલીસ મદદ મેળવવા વાકેફ કરેલ. બાદમાં તેઓને જણાવેલ કે, તમોને વૃધ્ધાવસ્થામાં દીકરા કે વહુ તમારી સંપત્તિ તેમના નામની કરી લઇ અને તમોને દુખ ત્રાસ આપે કે તમોને વૃધ્ધાશ્રમમાં મુકવા જવાનું કહે તો અથવા જમવાનું સમયસર આપે નહીં અને તમારી તબિયત સાર સંભાળ રાખે નહીં અને તમોને હેરાન કરે તો પોલીસને જાણ કરવા બાબતની માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલ રૂમ ૧૦૦ નંબરમાં ફોન કરી તાત્કાલીક મદદ મેળવી શકાય. તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર